**વલસાડમાં સૌથી પહેલું મ્યુલ એકાઉન્ટ બહાર આવ્યું જેમાં સસ્તા ભાવે યુએસ ડોલર આપવાની લાલચે લોકો સાથે ઠગાઇ**

# દેશમાં ઠગાઈ કરનારો ઠગ પકડાયો

### નવસારી-વલસાડ સાયબર માફિયાની ગિરફતમાં

**વલસાડના** ઠગે અનેક લોકો સાથે યુએસડીટી કોઇન આપવાની લાલચે લાખો રૂપિયાની ઠગાઇ કરી હતી

**સાયબર** ક્રાઇમના સમન્વય પોર્ટલ પર મ્યુલ એકાઉન્ટની તપાસમાં આ ઠગની ઓળખ થઇ હતી

વલસાડ : દેશમાં વધતા જતા સાઈબર ક્રાઈમથી રક્ષણ મેળવવા સરકાર દ્વારા સમન્વય પોર્ટલ બનાવ્યું છે. આ પોર્ટલ પર મ્યુલ બેંક એકાઉન્ટ એટલે એવા બેંક એકાઉન્ટ જેનો ઉપયોગ ગુનેગારો ઠગાઈના કે અન્ય ગુનાના પૈસા મેળવવા કરે છે તેની ઓળખ કરી હતી. જેમાં વલસાડમાં સૌથી પહેલું મ્યુલ એકાઉન્ટ હેમંત સાંવરિયા નામના ઠગનું બહાર આવ્યું હતુ. જેણે સસ્તા ભાવે યુએસ ડોલર આપવાની લાલચે અનેક લોકો સાથે ઠગાઈ કરી હતી. જેમાં તેણે તેની પત્નીના એકાઉન્ટ થકી પણ અનેક લોકો સાથે ઠગાઈ કરી હોવાનું બહાર આવતા પોલીસે તેને પકડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ વલસાડ સિટી પોલીસને સાઈબર ક્રાઈમ પાસેથી સમન્વય પોર્ટલ પરથી કાઢેલા મ્યુલ એકાઉન્ટમાં એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકનું એકાઉન્ટ મળી આવ્યું હતુ. જેના કેવાયસીની તપાસ કરતાં આ ખાતું હેમંત વાલજી સાંવરિયા (રહે.વિંગ 209, લક્ષ્મીનારાયણ ટાઉનશિપ, તારાબાગ સોસાયટી સામે, વલસાડ)ની ઓળખ થઈ હતી. પોલીસે તેનો આધાર કાર્ડ મેળવી વધુ તપાસ કરતાં તેના અન્ય બેંક એકાઉન્ટ મળી આવ્યા હતા. તેના દ્વારા અનેક બેંક એકાઉન્ટમાં સસ્તા યુએસ ડોલર આપવાની લાલચ આપી અંદાજીત રૂપિયા 4.90 લાખની ઠગાઈ થઈ હતી. જેના કારણે પોલીસે તેના અનેક બેંક એકાઉન્ટની તપાસ કરી હતી. તેમજ તેની પત્નીના નામે અને તેના ભાઈના નામે ખુલેલા બેંક એકાઉન્ટમાં પણ ઠગાઈ થઈ હોવાનું પણ બહાર આવ્યું હતુ. તે યુએસ ડોલર જ નહી, પરંતુ ઈલેક્ટ્રોનિક્સ સાધનો વેંચવાની લાલચ આપીને પણ છેતરપિંડી કરતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતુ. આ પોલીસ ફરિયાદ થતાંની સાથે જ વલસાડ સિટી પોલીસે તેની ધરપકડ કરી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. જેની પુછતાછમાં તેણે પોતે સ્વીકાર્યું કે, તે અગાઉ ટ્રાવેલિંગનો ધંધો કરતો હતો. તેમાં પણ તેણે છેતરપિંડી કરી હતી. તેમજ અનેક પ્રકારે તેણે છેતરપિંડી કરી હોવાનું સ્વીકાર્યું હતુ.

### ઠગ હેમંતે વલસાડના અનેક લોકોને ઠગ્યા હતા

વલસાડના ઠગ હેમંત સાંવરિયાએ શહેરના જાણીતા લોકોને ઠગ્યા હતા. અનેક લોકો સાથે પૈસાની ઠગાઇ બાદ ઉઘરાણી વધતાં તે શહેરમાંથી ગાયબ થઇ જતો હતો. તેણે તેની પત્નીના બેંક એકાઉન્ટના ચેક પણ આપતાં તે બાઉન્સ થયા હતા. જેના કારણે તેની પત્નીની ચેક બાઉન્સ કેસમાં ધરપકડ થઇ હતી.

### કોરોના સમયે રેમડેસીવીરના નામે ઠગાઇ

વલસાડના હેમંત સાંવરિયાએ કોરોના કાળમાં રેમડેસીવીર ઇન્જેક્શન આપવાના નામે ઠગાઇ કરી હતી. આ ઘટનામાં તેની વિરૂદ્ધ પારડી પોલીસ મથકે ગુનો પણ દાખલ થયો હતો. જોકે, એ સમયે તે યેન કેન પ્રકારે જામીન પર છૂટી ગયો હતો, પરંતુ કુતરાની પૂછડી વાંકી તે વાંકીની જેમ ફરીથી ઠગાઇના ધંધામાં રત થઇ ગયો હતો.

# સાયબર ફ્રોડના નાણાં માટે બેંક એકાઉન્ટ આપનારા બે ઝડપાયા

**વાપીના** બે ઈસમે રૂપિયા 94.85 લાખ મળતિયાઓને પહોંચાડ્યા હતા

વાપી : સાયબર ફ્રોડના નાણા માટે બેંક એકાઉન્ટ આપનાર વાપીના બે ઈસમને ડુંગરા પોલીસે ઝડપી પાડ્યા હતાં. કુલ રૂપિયા 94.85 લાખ મળતિયાઓને પહોંચાડ્યા હતા. બે ઈસમના કહેવાથી બેંક એકાઉન્ટોમાં ફ્રોડના નાણા સગેવગે કરતા હતા.

સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ દ્વારા સાયબર ફ્રોડમાં સંડોવાયેલા મ્યુલ બેંક ખાતાઓ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા માટે વાપી ડુંગરા પોલીસને મળેલી માહિતી આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં વાપી બ્રાંચની ફેડરલ બેંકનુ એક ખાતુ શંકાસ્પદ લાગતા તેની વિગતો તપાસ કરતા ખાતાધારક સીંગ અભયંકર યુગલકિશોર (રહે. સરસ્વીતનગર, વાપી) હોવાનું અને તા.23-12-24 ના રોજ પોંડીચેરીમાં સાયબર ફ્રોડ કમ્પ્લેન થઈ હતી. તા.17-12-24ના રોજ રૂપિયા 4.31 લાખ રકમની રકમ ઉપાડી લીધી હતી.

આ અંગે પોલીસે ખાતાધારક સીંગ અભયંકરને વાપી ડુંગરા પોલીસ મથકે બોલાવી પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, તે ચલા જીમમાં ટ્રેનર તરીકે નોકરી કરતો ત્યારે છરવાડામાં રહેતા પિયુષ સંજય સિંઘ સાથે ઓળખાણ થઈ હતી અને તેણે સાયબર ફ્રોડના નાણા માટે બેંક એકાઉન્ટની જરૂર હોવાનું કહી પાંચ લાખના ટ્રાન્ઝેકશન પર રૂપિયા 5 હજાર મળવાની વાત કરતા તેણે પોતાનું ઈન્ડિયન બેંક ખાતુ, જુદી-જુદી બેંકના ખાતા નંબરો આપ્યા હતા. જે બાદ એકાઉન્ટમાં જમા થતાં પૈસા ઉપાડી તે પિયુષને આપી દેતો હતો અને કમિશન મળી જતું હતું. આ બાબતે ડુંગરા પોલીસે પિયુષ સિંઘની પૂછતાછ કરી હતી. જેમાં તેણે તેના મિત્ર (1) કાનારામ જાટ (2) રાજેશ ફોજી (બંને રહે. રાજસ્થાન)ના કહેવાથી સાયબર ફ્રોડની રકમ માટે બેંક ધારકોના એકાઉન્ટ નંબર મેળવી કમિશન બાદ કર્યા બાદ મળતિયાઓને મોકલી આપતો હતો. અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડના કુલ નાણા 94,85,006 એકાઉન્ટોમાં મેળવી મળતિયાઓને પહોંચાડ્યા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

### વાપી ટાઉન પોલીસે પણ સાયબર ફ્રોડની તપાસ હાથ ધરી

વાપી ટાઉન પોલીસને પણ સાયબર ક્રાઈમ સેલ, સીઆઈડી ક્રાઈમ દ્વારા મળેલી સાયબર ફ્રોડની માહિતી આધારે તપાસ હાથ ધરી હતી. જેમાં એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક લિ.ના એક ખાતા ઉપર નવી મુંબઈ સાયબર પોલીસ સ્ટેશન મહારાષ્ટ્રમાં સાયબર ફ્રોડની ફરિયાદ થયેલી હોય જેમાં કુલ રૂપિયા 8.50 લાખનું ટ્રાન્ઝેકશન થયેલું હતુ. જેથી પોલીસે તપાસ કરી ખાતાધારક અભિષેક પુનમીયા (રહે. ઈબ્રાહિમ માર્કેટની સામે, વાપી)ને પોલીસ સ્ટેશન બોલાવી પૂછપરછ કરતા તે ફ્રેન્ડ ફીટનેશન જીમ ચલાવતો ત્યારે જીમમાં આવનાર ગ્રાહક નોમાના ઈલીયાસ ઘાંચી (રહે. કંચન નગર, વાપી)સાથે મિત્રતા થઈ હતી. નોમાનાના જીજાજી ઝૈદ ઉર્ફે સાનુ હનીફ શેખ (રહે. વૈશાલી રોડ, શેખ કોમ્પ્લેક્સ, વાપી) ને સાયબર ફ્રોડના નાણા વિડ્રોલ કરવા માટે બેંક એકાઉન્ટની જરૂર હોય કમિશન આપવાનું નક્કી કરતા ખાતુ આપી જમા થતી રકમ ઉપાડી નોમાનને આપી દેતો હતો. પોલીસે નોમાનને પણ બોલાવી પૂછપરછ કરતા તેના જીજાજી ઝૈદ ઉર્ફે સાનુ હનીફ શેખના કહેવાથી એકાઉન્ટ નંબરો આપી રકમ કમિશન બાદ ઝૈદ ઉર્ફે સાનુને આપતા હતા. અલગ-અલગ રાજ્યમાં સાયબર ફ્રોડના કુલ નાણા 20,12,000 ઓનલાઈન જમા મેળવ્યા હતા. જેમાં પોલીસે ઝૈદ ઉર્ફે સાનુ હનીફ શેખને વોન્ટેડ બતાવી આગળની તપાસ હાથ ધરી હતી.

# નવસારીમાં સાયબર ફ્રોડનું મની મ્યુલિંગ નેટવર્ક ઝડપાયું

**પાંચ** બેંક ખાતા મારફતે 1.32 લાખની લેવડદેવડ

**યુવકે** પોતાના તેમજ સગા-સંબંધીઓના બેંક ખાતા ભાડે આપી સાયબર ફ્રોડની રકમ ઉપાડવામાં સહાય કરી

નવસારી : નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે સાયબર ક્રાઇમ સેલ તથા CID ક્રાઇમની મદદથી સાયબર ફ્રોડના મની મ્યુલિંગ નેટવર્કનો પર્દાફાશ થયો છે. તપાસમાં સામે આવ્યું છે કે એક યુવકે પોતાના તેમજ સગા-સંબંધીઓના બેંક ખાતા ભાડે આપી સાયબર ફ્રોડની રકમ ઉપાડવામાં સહાય કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ પાંચ બેંક ખાતાઓનો ઉપયોગ કરી વિવિધ રાજ્યોમાં થયેલા સાયબર ફ્રોડની કુલ ▯1,32,090ની રકમ ટ્રાન્સફર કરી રોકડ ઉપાડી લેવામાં આવી હતી. આ કેસમાં ખાતાધારક તરીકે પ્રગતિ મનોજસિંહ જમાદારસિંહ ભદોરિયાનું નામ સામે આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં તા. 24 જાન્યુઆરીના રોજ રૂ.44,000ની સાયબર ફ્રોડ ફરિયાદ નોંધાઈ હતી અને તે રકમ ઉપાડી લેવામાં આવી હતી.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી આલોક મનોજસિંહ જમાદારસિંહ ભદોરિયાએ કબૂલ્યું હતું કે તે અગાઉ સુરતમાં 'અસોટ' નામની એજન્સીમાં નેટવર્ક માર્કેટિંગનું કામ કરતો હતો. ત્યાં તેના સિનિયર મોહિતના સંપર્કમાં આવી કમિશનની લાલચે તેણે બેંક ખાતાઓ આપવાનું શરૂ કર્યું હતું. શરૂઆતમાં પોતાના SBI ખાતામાં રૂ.20,000 ટ્રાન્સફર થયા હતા, જે ઉપાડી મોહિતને આપ્યા બદલ તેને રૂ.500 કમિશન મળ્યું હતું.

આ બાદ બહેન પ્રગતિના SBI ખાતામાં રૂ.44,000 જમા થયા હતા, જે ATM મારફતે ઉપાડી તેમજ મિત્ર યશરાજના SBIના બે ખાતાઓમાં રૂ.22,000 + રૂ.22,000 ટ્રાન્સફર કરી રોકડ બનાવવામાં આવ્યા હતા. આ લેવડદેવડ બદલ પણ આરોપીને રૂ.500 કમિશન મળ્યું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

આ રીતે આરોપીએ પોતાનું, બહેનનું, મિત્ર અર્જુનનું, મિત્ર સંજયનું તેમજ કાકાના દીકરા મોહિતનું મળી કુલ પાંચ બેંક ખાતાઓ સાયબર ફ્રોડ માટે ઉપયોગમાં લીધા હોવાનું સામે આવ્યું છે. તા. 20 જાન્યુઆરીથી તા. 05 ફેબ્રુઆરી દરમિયાન થયેલી આ તમામ ટ્રાન્ઝેક્શનો સંગઠિત ગુનાહિત પ્રવૃત્તિ દર્શાવે છે.

નવસારી ટાઉન પોલીસે આલોક મનોજસિંહ જમાદારસિંહ ભદોરિયા, મોહિત અને યશરાજ સામે સાયબર ફ્રોડના નાણાં સગવડ કરવા તથા ઠગાઈમાં સહાય કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લેબ ટેક્નિશ્યનનો મોબાઈલ હેક કરી 95 હજારની ઠગાઈ

નવસારી : નવસારીમાં લેબ ટેક્નિશ્યનનો મોબાઈલ હેક કરી બેંક ખાતામાંથી 95 હજારની ઠગાઈ કરવામાં આવી હતી. ઈટાળવામાં રહેતા લેબ ટેક્નિશ્યનને અજાણ્યા ઈસમે પીએમ કિસાન યોજના સંબંધિત ફાઈલ તેમના મોબાઈલમાં મોકલી હતી. તે ફાઈલ ખોલતાં જ મોબાઈલ હેક થયો હતો અને બાદમાં પરરૂપ ધારણ કરી બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂપિયા 45,000 તથા રૂપિયા 50,000 એમ કુલ રૂપિયા 95,000ની રકમ એક્સિસ બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી લેવામાં આવી હતી. આ બનાવ અંગે ગુનો નોંધવામાં આવતા નવસારી ગ્રામ્ય પોલીસ ઈન્સ્પેક્ટર વી.જી. ભરવાડે વધુ તપાસ હાથ ધરી છે.

**ગતરાત્રે હવા પ્રદૂષણ ફેલાતા શ્વાસ રુંધાઇ જતાં લોકો ઘરની બહાર નીકળી આવ્યા**

# વલસાડમાં AQI ઊંચો, લોકોના શ્વાસ રુંધાયા

**વલસાડ** તાલુકાની ગુંદલાવ જીઆઇડીસીમાં પણ હવે વધી રહેલું પ્રદૂષણ

**થોડા** દિવસ અગાઉ જ કોંગ્રેસના નેતાએ વલસાડના એક્યુઆઇનો ફોટો જાહેર કરી શહેરના વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી

વલસાડ : વલસાડ તાલુકાની ગુંદલાવ જીઆઇડીસીમાં પણ હવે પ્રદૂષણ વધી રહ્યું છે. ગુંદલાવ જીઆઇડીસીમાં ગતરાત્રે કોઇ કંપનીએ ભારે હવા પ્રદૂષણ ફેલાવ્યું હતુ. જેના કારણે લોકોના શ્વાસ રૂંધાઇ ગયા હતા. જેના પગલે લોકો ઘરની બહાર નિકળી આવ્યા હતા અને આ અંગે સોશ્યલ મીડિયામાં પોતાનો બળાપો ઠાલવ્યો હતો. ત્યારે આ સંદર્ભે જીપીસીબી કાર્યવાહી કરે એ જરૂરી બન્યું છે.

વલસાડમાં પણ એક્યુઆઇ (એર ક્વોલિટી ઇન્ડેક્શ) ખૂબ ઉંચો જઇ રહ્યો છે. થોડા દિવસ અગાઉ જ કોંગ્રેસના નેતા ગૌરવ પંડ્યાએ વલસાડના એક્યુઆઇનો ફોટો જાહેર કરી ઉદ્યોગથી દૂર શહેરના વાતાવરણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ પણ વલસાડનો એક્યુઆઇ 125ની આસપાસ જ રહે છે.

જેમાં પીએમ 2.5 નું પ્રમાણ પણ 100ની ઉપર રહે છે. જે શરીર માટે ખૂબ હાનિકારક છે. વલસાડમાં ચાલી રહેલા આ વિવાદો વચ્ચે ગુંદલાવ જીઆઇડીસીમાં પણ હવે હવા પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે. જેના પર નિયંત્રણ માટે વલસાડમાં કોઇ તંત્ર જ ન હોય તેઓ બેફામ બન્યા છે.

### પોલ્યુશન કંટ્રોલ બોર્ડની બ્રાન્ચ ન હોવાના કારણે ઉદ્યોગો બેફામ

વલસાડ જિલ્લાની પોલ્યુશન કંટ્રોલ બોર્ડની વલસાડ તાલુકામાં કોઇ બ્રાન્ચ નથી. વલસાડમાં પ્રદૂષણ ફેલાવે એવા કોઇ કેમિકલ ઉદ્યોગો ન હતા, પરંતુ હવે વલસાડની આજુબાજુના ગામનું ઔદ્યોગિકરણ થઇ રહ્યું હોય, અહીં પ્રદૂષણની માત્રા પણ વધી રહી છે. જેના પર કોઇ નિયંત્રણ પણ ન હોય, તેઓ બેફામ રીતે હવા અને પાણી પ્રદૂષણ કરી રહ્યા છે. આવું જ કંઇ શનિવારે રાત્રે બન્યું હતુ. ત્યારે આ અંગે જીપીસીબી (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ) દ્વારા નિયમિત ચેકિંગ થાય અને અહીં સ્થાનિક કક્ષાએ પણ મોનિટરીંગ સિસ્ટમ ગોઠવાય એ જરૂરી બન્યું છે.

### ઔરંગા નદી પર પાલિકાના પાપે AQI 800થી વધી ગયો

વલસાડના એક જાગૃત નાગરિકે બે દિવસ અગાઉ એક વિડીયો ઉતારી વાઇરલ કર્યો હતો. જેમાં તેઓ વલસાડથી ઔરંગા નદી સુધી પોતાની કારમાં જઇ રહ્યા છે અને ઔરંગા નદી સુધી પહોંચતા પહોંચતા તેમની કારમાં એક્યુઆઇ 125 થી વધીને ઔરંગા બ્રિજ પર 820 સુધી ગયો હતો. ઔરંગા બ્રિજ પાસે પાલિકાની ડમ્પિંગ સાઇટ આવેલી છે. તેમના દ્વારા અહીં કચરો બાળવામાં આવે છે. તેના વિડીયો પણ થોડા દિવસથી વાઇરલ થઇ રહ્યો છે. ત્યારે આ વિસ્તારમાં પ્રદૂષણ વધારવાનું કામ પાલિકા કરી રહી છે. જેના કારણે સ્થાનિકોના સ્વાસ્થ્ય સામે મોટો ખતરો ઉભો થયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીમાં ટેન્કરમાંથી કેમિકલ ખાલી કરતી વેળા વાલમાં આગ ભભૂકી

ઘેજ : ચીખલીના અટ્ટારપીર ખાતે આવેલા શિવાલય પ્રોજેક્ટ જીઆરબી નામની કંપનીમાં ટેન્કરમાંથી જીપોલ-૦૦૨ નામનું કેમિકલ ખાલી કરતી વેળા વાલમાં અચાનક આગ લાગતા ૧૪,૦૦૦ લિટર કેમિકલ અને ટેન્કર મળી અંદાજે ૧૨ લાખ નુકસાન થયું હતું. બનાવની ચીખલી પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર પ્રવિણસિંહ કનૈયાસિંહ ચૌહાણ (ઉ.વ-૪૦) (રહે. દુદ્યાલેશ્વર,પોસ્ટ-ટાકઘટ, રાજસ્થાન) એ આપેલી ફરિયાદમાં જણાવ્યાનુસાર ૫-ડિસેમ્બરના રોજ ટેન્કરમાં જીપોલ-૦૦૨ નામનું કેમિકલ ભરી સુરતના કીમ ખાતે ત્યારબાદ ચીખલીના અટ્ટારપીર ખાતે આવેલા શિવાલય પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ જીઆરબી નામની કંપનીમાં ખાલી કરવા જતા હતા. ત્યારે કેમિકલ ઢોળાતા વાલમાં આગ લાગતા જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ચીખલી સહિત અન્ય ફાયર ફાઇટર દ્વારા સતત પાણી ચલાવ્યો હતો. પરંતુ તે પૂર્વે ટેન્કરમાં રહેલું અંદાજે ૧૪,૦૦૦ લિટર કેમિકલ તેમજ ટેન્કર તથા જરૂરી ડોક્યુમેન્ટ બળી જતા મસમોટું નુકસાન થવા પામ્યું હતું. ઉપરોક્ત બનાવ અંગેની ફરિયાદ ઉમેશભાઇ કોલાનીએ આપતા પોલીસે જાણવાજોગ ફરિયાદને આધારે વધુ તપાસ પીએસઆઇ-એચ.એચ.ફળદુ કરી રહ્યા છે.

### રૂપવેલમાં ઊભેલા ટેમ્પોમાં બુલેટ ઘૂસી જતાં યુવાનનું મોત

વાંસદા : વાંસદા તાલુકાના કાટસવેલનો યુવાન બુલેટ લઈ બે મિત્રો સાથે રૂપવેલ ગામે રહેતી નાનીને શનિવારે રાત્રે ટિફિન આપવા જઈ રહ્યો હતો ત્યારે રૂપવેલ ગામે લાઈટ ચાલુ કર્યા વગર ઉભેલા ટેમ્પોમાં બુલેટ અથડાતા ચાલકને ગંભીર ઇજા થતાં તેનુ મોત નિપજ્યું હતું. વાંસદા તાલુકાના કાટસવેલ ગામે પાંચ આવલા ફળિયામાં રહેતો ભાવિન દિનેશભાઈ પટેલ (ઉ.વ 23) શનિવારે રાત્રે તેના બે મિત્રો સાથે તેની બુલેટ GJ19 AN 6111 લઈ રૂપવેલ નાનીને ટિફિન આપવા જઈ રહ્યો હતો તે દરમિયાન કંડોલપાડા - અનાવલ માર્ગ પર આઇસર ટેમ્પો નંબર GJ21 Y 6879 કોઈપણ સિગ્નલ કે લાઈટ ચાલુ કર્યા વગર પાર્ક કરેલો હતો. જેમાં ભાવિને ટેમ્પોની પાછળ બુલેટ અથડાવી દેતા બુલેટ પર સવાર ત્રણેય યુવાનોને ગંભીર ઈજા થતા તેઓને 108 એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. ત્યાં ડોક્ટરે ભાવિન પટેલને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મરનાર ભાવિન પટેલના પિતા દિનેશ પટેલે વાંસદા પોલીસ મથકે અજાણ્યા ટેમ્પો ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી હતી.

### વાપીમાં લોખંડના પાઈપ-લાકડા લઈને ફરનાર 3 સામે કાર્યવાહી

વાપી : વાપી ગીતાનગર ગરનાળા માર્ગ ઉપર અને ભડકમોરામાં લોખંડના પાઈપ અને લાકડા લઈને ફરનારા 3 ઈસમો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધ્યો હતો. વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, પેટ્રોલિંગ દરમિયાન ગીતાનગર ગરનાળા માર્ગ પરથી હાથમાં લાકડું તથા લોખંડનો પાઈપ લઈને ફરનારા બે ઈસમ યુવરાજ શંભુ તારાચંદ કાપુરે (ઉ.46, રહે. ચલા) અને શોયેબ ઉર્ફે મુનીયા રફીકભાઈ ખાન (ઉ.19, રહે. ઈમરાન નગર, વાપી) મળી આવ્યા હતા. જ્યારે વાપી ભડકમોરામાં પણ લાકડું લઈને ફરનાર રોહિત સંજય રાય (ઉ.29, રહે. ભડકમોરા, વાપી) મળી આવતા જાહેરનામા ભંગ બદલ તમામની સામે વાપી ટાઉન પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો હતો.

### જુનાથાણા ખાડા વિસ્તારના યુવકનો આપઘાત

નવસારી : નવસારીના જુનાથાણા ખાડા વિસ્તારમાં શનિદેવ મંદિરની પાછળ રહેતા ભરતભાઈ ધીરૂભાઈ સાહુ (ઉ.વ. 29)એ તેમના ઘર પાસે આવેલા ખાલી પડેલા મકાનમાં લાકડાના ખંભા સાથે નાયલોનની દોરી બાંધી કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પરિવારજનોને ઘટનાની જાણ થતા તરત જ તેમને નીચે ઉતારી 108 એમ્બ્યુલન્સને ફોન કરતા ડોક્ટરે તપાસ કર્યા બાદ ભરતભાઈને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં નવસારી ટાઉન પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર સી. એસ. ઠુમર દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### ચીખલીના મલિયાધરામાં જુગાર રમતા ચાર ઝડપાયા

ઘેજ : ચીખલીના મલિયાધરા ગામે કાવેરી નદી પાસે જુગાર રમતા ચારને રૂપિયા ૬,૪૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ગુનો નોંધી વધુ તપાસ પોલીસ કરી રહી છે. ચીખલી પોલીસના હે.કો-મહેન્દ્ર નેભાભાઇ, યુવરાજસિંહ જુવાનસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમ્યાન પૂર્વ બાતમીના આધારે ચીખલી તાલુકાના મલીયાધરા કુવા ફળિયા પટેલ ઢાબાની પાછળ છાપો મારતા જુગાર રમતા તેજસ જગુભાઈ રામભાઈ પટેલ (રહે - મલીયાધરા કુવા ફળિયા), પ્રતિક રમેશભાઇ હળપતિ (ઉ.વ-૩૩, રહે.મલિયાધરા નવાનગર), સુનિલ અશોકભાઈ પટેલ (ઉ.વ-૩૫) (રહે.ઘેજ ગોડાઉન ફળિયા), હિતેશ રામસુરત પ્રજાપતિ (ઉ.વ-૨૯, રહે. ઘેજ દુકાન ફળીયા)ની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હે.કો-કરસનભાઇ જેઠાભાઇ કરી રહ્યા છે.

**સુલતાનપુર ગામનો અબ્રામા ગામ સાથેનો સંપર્ક તૂટી જતાં લોકોને હાલાકી**

# જલાલપોરમાં ડાયવર્ઝન માર્ગ જ તૂટી ગયો

**સુલતાનપુર**-અબ્રામા ગામને જોડતા પુલનું કામ શરૂ કરતાં પહેલાં કામચલાઉ માર્ગ બનાવાયો

**કાચા** માર્ગ પરથી ભારે વાહનો તેમજ માટી ભરેલી ટ્રકો પસાર થતાં ડાયવર્ઝન તૂટી ગયો

નવસારી : જલાલપોર તાલુકાના સુલતાનપુર-અબ્રામા ગામને જોડતા પુલનું કામ શરૂ કરતા પહેલા યોગ્ય અને મજબૂત ડાયવર્ઝન રૂટ બનાવવો અનિવાર્ય હતો. પરંતુ કહેવાય છે કે ડાયવર્ઝન માટે માત્ર કામચલાઉ માર્ગ બનાવવામાં આવ્યો હતો. આ કાચા માર્ગ પરથી ભારે વાહનો તેમજ માટી ભરેલી ટ્રકોની અવરજવર ચાલુ રાખવામાં આવતા ડાયવર્ઝન તૂટી ગયો છે.

ડાયવર્ઝન તૂટી જતા સુલતાનપુર ગામનો અબ્રામા ગામ સાથેનો સીધો સંપર્ક સંપૂર્ણ રીતે તૂટી ગયો છે. હાલ પરિસ્થિતિ એવી છે કે અબ્રામા ગામમાંથી પસાર થવા માટે નજીકમાં કોઈ પણ બીજો વિકલ્પ માર્ગ ઉપલબ્ધ નથી. પરિણામે ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અબ્રામાથી સુલતાનપુર જવું હોય તો હવે લોકોને મંદિર ગામ થઈને જવું પડે છે, જેના કારણે અંદાજે પાંચ કિલોમીટર જેટલો વધારાનો લાંબો ફેરો મારવો પડે છે. આથી રોજિંદી આવન-જાવન, શાળા જતા બાળકો, દર્દીઓને સારવાર માટે લઈ જવા તેમજ ખેતી અને વ્યવસાય સંબંધિત કામગીરી પર સીધી અસર પડી છે.

સ્થાનિકોમાં આ મુદ્દે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનું કહેવું છે કે, "મજબૂત ડાયવર્ઝન વિના પુલનું કામ શરૂ કરવું એ ગંભીર બેદરકારી છે. કાચા ડાયવર્ઝન પર ભારે ટ્રકો દોડાવવાના કારણે આજે ગામનો સંપર્ક તૂટી ગયો છે. તાત્કાલિક મજબૂત ડાયવર્ઝન બનાવી માર્ગ પુનઃશરૂ કરવો જોઈએ." ગ્રામજનોએ સંબંધિત વિભાગ અને વહીવટી તંત્ર પાસે તાત્કાલિક હસ્તક્ષેપ કરી મજબૂત ડાયવર્ઝન બનાવવાની તથા બેદરકારી બદલ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

### ઉમરગામના તુંબમાં જમીનના વિવાદમાં મારી નાખવાની ધમકી

ઉમરગામ : ઉમરગામના તુંબમાં રસ્તામાં રોકી જમીનના વિવાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. ધીમસા કાકરીયા ઉમરગામ ખાતે રહેતા ફરિયાદી રાજેશ ગોવિંદભાઈએ ફરિયાદ નોંધાવી છે કે શનિવારે મોટરસાયકલ લઈને જતો હતો એ વખતે ફોન આવતા તુંબ ગામે રોડ ઉપર બાઈક ઉભી રાખી વાત કરી રહ્યો હતો ત્યારે જયેશભાઈ ટંકારી (રહે ટંકાર પાડા તલાસરી)એ આવી પાછળથી અથડાવી તમે અમને જમીન ક્યારે આપવાના છો તેમ જણાવી ઝઘડો કરવા લાગ્યો હતો. જમીન બાબતે કોર્ટમાં કેસ ચાલતો હોય તેમ જણાવતા કોર્ટ શું કરશે તેમ જણાવી પથ્થર ઉંચકી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવની રાજેશભાઈ ગોવિંદભાઈએ ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસ કોન્સ્ટેબલની કારમાંથી ચોરી

નવસારીઃ નવસારી જિલ્લા ટ્રાફિક શાખાના અ.પો.કો. મિરલકુમાર ભરતભાઈ દ્વારા ગ્રામ્ય પોલીસ મથકે આપેલી વિગતો પ્રમાણે તા. 01-11-2025ના રોજ સવારે 11 વાગ્યાથી તા. 02-11-2025ના રોજ બપોરે 12 વાગ્યા દરમિયાન જલાલપોર તાલુકાના સંદલપોર ગામે બળવંત પટેલના ખેતરની બાજુમાં આવેલા કુચેદ રોડ કેનાલ પાસે પાર્ક હુન્ડાઈ કાર નં. GJ-34-H-9649માંથી ચોરી થઈ હતી. ચોરીમાં ચાર ટાયર (સ્પેર વ્હીલ સહિત) રૂપિયા 20,000, એક વ્હીલ રૂપિયા 15,000, ઈસીએમ (ઈલેક્ટ્રોનિક કંટ્રોલ યુનિટ) રૂપિયા 30,000, ઓડિયો પ્લેયર રૂપિયા 8,000, એકસાઈડ કંપનીની બેટરી રૂપિયા 3,000 તેમજ ઓરિજિનલ આર.સી. બુક સહિત કુલ રૂપિયા 76,000નો મુદ્દામાલ ચોરાયો હતો. પ્રારંભે કાર હટાવી લેવાતા ફરિયાદ નોંધાઈ નહોતી. જોકે બાદમાં કારને શોરૂમમાં રીપેરીંગ માટે મુકતાં ઈન્સ્યોરન્સ કંપની દ્વારા એફઆઈઆરની માંગ થત